# સ્પિરીચ્યુઅલ ઈગ્નાઈટ યુથ

અંક-૧૨

“પણ હું જાણું છું કે ,મારો ઉધ્ધાર કરનાર જીવે છે ,આખરે તે પૃથ્વી પર ઉભો રહેશે.”

– અયુબ ૧૯:૨૫



# સ્પિરિચ્યુઅલ ઈગ્નાઈટ યુથ

- ખ્રિસ્તી જુવાનો માટેનું અજોડ સામાયિક

# અનુક્રમણિકા

૧. તંત્રીની કલમે :-
૨. સ્ટેટસ અપડેટ :- અવિશ્વાસનું મૂળ
૩. શા માટે પ્રભુનાં સેવકો બીજી લહેરમાં ઊંઘી ગયા ?
૪. અવિશ્વાસનું મૂળ – સોસીયલ મીડિયા
૫. વિપત્તિરૂપી ભઠ્ઠી
૬. આધ્યાત્મિક નુકશાન
૭. બે આત્મિક પ્રભાવશાળી શસ્ત્રો
૮. આધુનિક મુર્તિપુજા
૯. દેવ સાથેનો વાચા અને સીધો સબંધ
૧૦. દેવને તમારું થોડું આપો
૧૧. સત્ય તમને મુક્ત કરશે
૧૨.પરમેશ્વરની હજુરનું આચ્છાદન
૧૩. ખ્રિસ્ત તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરો
૧૪. ઈસુનાં ગુણ હું ગાઉં – આલ્બમ
૧૫. ઈગ્નાઈટ યુથનાં સેવાકાર્યો માટે પ્રાર્થના
૧૬. મેગેઝિનનાં અંકો ની જરૂરી લિંક

*Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved*
*Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.online*

# ૧.  તંત્રીની કલમે  :-

## ખ્રિસ્ત ઈસુમાં પ્રેમી સલામ ,

વહાલા વાંચક મિત્રો ;આ દિવસોમાં વિશેષ પ્રભુ ઈસુ ખ્રિસ્તનાં આગમનને માટે તૈયાર થઇને ,પોતાની જાત ને જાગૃત કરવાનો સમય છે.માથ્થી ૨૫ પ્રમાણેની ભવિષ્ય વાણીઓ પૂરી થઇ રહી છે અને વાવાઝોડાં,મહામારી અને અંધાધૂંધી તેમજ યુદ્ધો ,રાજકીય અસ્થિરતા આપણે આ જગતમાં જોઈ રહ્યા છે.ત્યારે વિશેષ તૈયારીઓ કરી ને દેવના આગમનને માટે આપને મહેનત કરીએ.

આ દિવસોમાં પ્રાર્થનાઓ ની તાતી જરૂરિયાત છે ,જયારે આપણે પ્રાર્થનાઓ કરીશું ત્યારે એ પ્રાર્થના ધૂપ સમાન આકાશમાં ચઢશે અને જેવી રીતે પૃથ્વી પર બાષ્પીભવનનો નિયમ છે તેવી રીતે આ જ પ્રાર્થનાઓ ,મજબુત પ્રાર્થનાઓ,આગ્રહભરી પ્રાર્થનાઓ એ આપણા સમાજમાં પવિત્ર આત્મા નો વરસાદ લાવશે અને આજ વરસાદ આત્મિક જાગૃતિનો જુવાળ લાવશે.

લોકડાઉન શરુ થયું ત્યારથી ઘણા બધા પ્રાર્થના યોદ્ધાઓ પ્રાર્થના સાંકળમાં જોડાઈ ને આજ સુધી પ્રાર્થનામાં સ્થિર રહ્યા છે ,ગઈ કાલે ૩૫ મી પ્રાર્થના સાંકળ હતી,વિશ્વાસ સાથે કહું છું કે ,આત્મિક સંસારમાં આ પ્રાર્થના સાંકળ નો ખુબ મોટો પ્રત્યાઘાત પડે છે.દરેક પ્રાર્થના યોદ્ધાઓ ની પ્રાર્થનાઓ ધૂપ સમાન સ્વર્ગમાં ચઢીને પિતા ની વેદીની આગળ સુગંધીદાર ધૂપ સમાન થઇ છે.અને એ માટે સ્વર્ગીય પિતાની આભારસ્તુતિ કરીએ છીએ.

સ્તુતિને યોગ્ય એકલા પરાક્રમી ઈશ્વર ખ્રિસ્ત ,સ્વર્ગીય પિતા અને પવિત્ર આત્માને મહિમા હોજો,
આપ વાંચકો આપનાં પ્રતિભાવો આપી ને ,આ મેગેઝિન થી તમને શું આત્મિક લાભ થાય છે તે અમારા ઈગ્નાઈટ યુથનાં નંબર પર  વોટસેપ કરી ને જણાવશો,જેથી અમે પ્રભુની આભાર સ્તુતિ કરી શકીએ.

જે અલગ અલગ સેવાકાર્ય પ્રભુએ આપ્યું છે,તેને માટે આપ સહુની પ્રાર્થના નો ટેકો અમે માંગીએ છીએ.અને અપેક્ષા રાખીએ છીએ કે આ મેગેઝિન ની ઓનલાઈન કોપી તમે દરેક ખ્રિસ્તી જુવાનો સુધી પહોચાડો.એથી આ મેગેઝિન પ્રાપ્ત થતા ની સાથે તમારા મિત્ર વર્તુળનાં દરેક ખ્રિસ્તી જુવાનો ને તેમજ તમારી મંડળીનાં દરેક જુવાનો સુધી તેને પહોંચાડશો.

બની શકે તો ,આ pdf ની પ્રિન્ટ આઉટ કાઢીને તમારી મંડળી નાં જુવાનો સાથે વહેચશો.ખુબ જલ્દી થી પ્રભુનું કાર્ય કરવાનું છે અને મજુરો ઓછા છે.આપ પણ એક આત્મિક મજુર બનીને જુવાનોનાં ઉત્થાન ને માટે કાર્ય કરી શકો છો.અને આ મેગેઝિનને દરેક જુવાનો ને પહોચાડવાને માટે અમારી મદદ કરી શકો

# ૨. સ્ટેટસ અપડેટ :- અવિશ્વાસનું મૂળ

***આમ, સંદેશો સાંભળવાથી વિશ્વાસ થાય છે તથા ખ્રિસ્તનાં વચન દ્વારા સંદેશો સાંભળવામાં આવે છે,***

***રોમનોને પત્ર 10:17***

**જેવી રીતે ખ્રિસ્તના વચનો સાંભળી ને વિશ્વાસ થાય છે તેવી જ રીતે દુન્યવી બાબતો સાંભળવાથી અવિશ્વાસ ઉદભવે છે .આપણી આસપાસ જ્યારે આપણે જગત માં રહીએ છીએ,ત્યારે ઘણો બધો ઘોંઘાટ સાંભળીયે છીએ.ઘણા બધા ખ્રિસ્તી જુવાનો પણ મૂવી ,સિરિયલો,બોલીવુડ આલ્બમ, ડી.જે .નાં ગીતો સાંભળે છે.તેઓ એવું કહે છે કે ,એમ કરવું કશું ખોટું નથી.પણ હું તમને તેની સત્યતા પ્રગટ કરવા માંગુ છું. જૂઠો અને જૂઠનો બાપ શૈતાન જે જૂઠ ફેલાવી રહ્યો છે તે એજ છે કે,મૂવી અને સિરિયલો અને સિરીઝ વગેરે ખ્રિસ્તી જુવાનો જોઈ શકે એમ કઈ ખોટું નથી એ વાત શૈતાન ફેલાવે છે.**

**મૂવી ને હિટ કરવાને માટે,સિરિયલો ની ટી.આર.પી. વધારવાને માટે તેમને રિલીઝ કરતા પહેલા તાંત્રિક વિધિઓ કરવામાં આવે છે અને બલિદાનો ચઢવાવા માં આવે છે .જેથી આ મૂવી અને સિરયલ જોનારા લોકો વધી જાય.આ માં દરેક દ્રશ્ય મનમોહક હોય છે જે આંખો ની લાલસા બતાવે છે.જે જગત થી છે .મૂવી નાં ગીતો પણ આકર્ષક હોવાનું કારણ એ જ છે કે તેની પાછળ "લ્યુસિફર નું સંગીત" – સર્પ નું સંગીત છુપાયેલું છે.જે મનુષ્ય ને મોહિત કરીને આંધળું કરી નાખે છે.શૈતાન પોતાની શક્તિ અને તાલન્ટ લોકોને નાશ માં લઇ જવા માટે વાપરે છે.**

**એક વ્યક્તિ જે પ્રભુને ઓળખનાર અને સેવા કરનાર હતો,તે તેના મિત્રોની જીદ ને લીધે મૂવી જોવા ગયો,અને એ વ્યક્તિ પરીક્ષણ માં પડીને બેક્સલાઇડ થયો.અને પ્રભુ થી દુર થઇ ને નાશમાં ગયો. દરેક મૂવી, સીરીયલ ,મૂવી નાં ગીતોમાં દુષ્ટ આત્માઓ નો પ્રભાવ હોય છે.કે જે આપણાં મન ને પ્રભુ થી દૂર લઈ જઈ શકે છે આવા ગીતો આપણાં જૂના માણસ પણા ને સમર્થન આપે છે.અને ખ્રિસ્ત નું નવું માણસપણા ને દબાવવા પ્રયત્ન કરે છે.**

**આજ કાલ વોટસેપ નાં સ્ટેટસ મૂકવા તેમજ જોવાનો ટ્રેન્ડ ચાલી આવે છે.ઘણા બધા પોતાના સ્ટેસ્ટસ પર મૂવી નાં ગીતો,ડી.જે .નાં ગીતો,વગેરે પણ મૂકે છે અને જોનારા તે જુએ છે પણ આ સ્ટેટસ જે આંખો થી જોવાય છે તેમજ કાનો થી સંભળાય છે તે આપણાં અર્ધ જાગૃત મનમાં છુંપાઈ રહે છે અને જ્યારે તક મળે છે ત્યારે પાપ કરાવા માટે તે પરીક્ષણ માં નાખે છે.**

*Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved*
*Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.online*

# ૨.   સ્ટેટસ અપડેટ  :- અવિશ્વાસનું મૂળ

## *શું તમે વોટસેપ નાં કે ફેસબુક ના સ્ટેટસ અપડેટ જોઈ રહ્યા છો ?*

**તમે તમારી શારીરિક ઇન્દ્રિયો દ્વારા પોતાના આત્મા ની અંદર કોને પ્રવેશ આપી રહ્યા છો.**

**શું તમે શૈતાન નાં પાશ માં તો સપડાઈ નથી રહ્યા ને,**

**એ ગીતોમાં દુષ્ટતા નું સામર્થ્ય છે,**

**એ દ્રશ્યોમાં તમને મોહિત કરી દેવાનું સામર્થ્ય છે.**

**એ દ્રશ્યો તમને વાસ્તવિક દુનિયા માંથી કાલ્પનિક દુનિયા માં લઇ જાય છે.**

**એ ગીતો ની પાછળ દુષ્ટ આત્મા ઓ કાર્ય કરે છે.**

**એ ગીતો અને દ્રશ્યો કોઈ મૂવી ક્લિપ, સિનેમાનાં ગીતો નું સ્ટેટસ તેમજ કોઈ ટિક ટિક હોઈ શકે છે.**

**પ્રગટીકરણ નાં સમયમાં પેરગામન શૈતાનની ગાદી હતી,પરંતુ આજે શૈતાને પોતાની ગાદી ને બોલિવુડ-હોલિવુડ તેમજ વેબ સિરીઝ તેમજ સિરિયલો ને પોતાની ગાદી બનાવી છે.**

**આ દરેક બાબતો માં આંખો ની લાલસા,જીવન નો અહંકાર અને શારીરિક લાલસા સમાયેલી છે જેનું મૂળ જગત અને જગતનાં વાના છે.**

***જગત પર અથવા જગતમાંનાં વસ્તુઓ પર પ્રેમ રાખો નહિ; જો કોઈ જગત પર પ્રેમ રાખે તો તેનામાં પિતાનો પ્રેમ નથી .કેમ કે જગતમાં જે સર્વ છે, એટલે દૈહિક વાસનાઓ, આંખોની લાલસા તથા જીવનનો અહંકાર તે પિતાથી નથી, પણ જગતથી છે. જગત તથા તેની લાલસા જતા રહે છે, પણ જે ઈશ્વરની ઇચ્છા પૂરી કરે છે તે સદા રહે છે.***

***યોહાનનો પહેલો પત્ર 2:15-17***

*Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved*
*Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.online*

# 2. क्या आप वाटसअप के अथवा फेसबुक के स्टेट्स अपडेट देख रहे हैं?

*आप अपनी शारीरिक इंद्रियों (आंख और कान) द्वारा अपनी आत्मा के अंदर किसे प्रवेश दे रहे हैं?*

*क्या आप शैतान के जाल में तो नहीं फंस रहे, ?*

*वे गीतों में दुष्टता की सामर्थ है,*

*वे दृश्य आपको मोहित करने की शक्ति रखते हैं।*

*वे द्रुशय आपको वास्तविक दुनिया (परमेश्वर की वास्तविकता) से काल्पनिक दुनिया में ले जाते हैं*

*इन गीतों के पीछे बुरी/दुष्ट आत्माएं काम करती हैं।*

*इनमें गीतों और द्रशयों की मूवी क्लिप, सिनेमा के गानों का स्टेटस के अलावा टिक-टोक भी हो सकता है।*

*प्रकाशितवाक्य के समय पेर्गमन शैतान का सिंहासन था, लेकिन आज शैतान ने बॉलीवुड-हॉलीवुड के साथ-साथ वेब श्रृंखलाओं (Web Series) और धारावाहिकों (Serials) को भी अपना सिंहासन बना लिया है।*

*इन सभी मामलों में आंखों की वासना, जीवन का अहंकार और लालसा शामिल हैं जिनका मूल कारण संसार और संसार द्वारा बोई गई शारीरिक लालसा शामिल है।*

*संसार से अथवा सांसरिक वस्तुओं से प्रेम ना करें; जो संसार से प्रेम रखता है, उसमें पिता का प्रेम नही। क्योंकि संसार में जो कुछ है अर्थात शारीरिक वासना, आंखों की लालसा तथा जीवन का अहंकार/ जीविका का घमंड पिता के ओर से नहीं वरन संसार की तरफ से है। संसार और संसारिक लालसाऐं जाती रहती है, पर जो परमेश्वर की इच्छा पूरी करता हैं वह सदा बना रहता है*

*1 यहुन्ना 2:15-17*

*Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved*
*Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.online*

# 3. શા માટે પ્રભુનાં સેવકો બીજી લહેરમાં ઊંઘી ગયા ?

## Why Pastor's Death in this Pandemic?

**આ** પ્રશ્ન આજે આખા ખ્રિસ્તી સમાજ નો છે ,દરેક ખ્રિસ્ત પર વિશ્વાસ કરનાર વ્યક્તિનાં જીવન માં આ પ્રશ્ન ઉદ્ભવી રહ્યો છે ,કે આ કોરોના મહામારી માં પ્રભુ પોતાના સેવકો વિષે શું અભિગમ રાખે છે , પ્રભુ ને આપણે કદી પણ પ્રશ્ન ન પૂછી શકીએ ,પરંતુ પ્રભુ એ આપેલા વચનો મુજબ અને પવિત્ર આત્મા ની દોરવણી મુજબ આપણે આ પ્રશ્નો નો જવાબ આપી શકીએ.

દેવનાં હર્દયની વાત જાણવી હોય તો ,દેવ નાં પવિત્ર આત્માની વાતો આપણે સાંભળવી પડશે,૧લો કરીન્થી ૨:૧૦-૧૧ તે તો દેવે આપણને આત્માથી પ્રગટ કર્યા છે,કેમકે આત્મા સર્વને.હા દેવના ઊંડા વિચારોને પણ શોધે છે.....એમ દેવના આત્મા સિવાય દેવની વાતો બીજો કોઈ જાણતો નથી.

એઝરા એ દેવના નિયમશાસ્ત્રનું સંશોધન કર્યું,તેજ પ્રમાણે સંશોધન કરતા નીચે મુજબનાં કારણો જાણવા મળ્યા,

1. **ઘઉંના દાણાનું મરી જવુ:- ( To be fruitful for God )**
2. **વિપત્તિમાંથી સેવકોને ઉગારી લેવુ:- ( Skip the Tribulation)**
3. **નવી પેઢીને તૈયાર કરવી:- (New generation-Joshua Generation)**
4. **લોકોને પોતાની રીતે તૈયાર થતાં શીખવવુ:- (ગરૂડનાં બચ્ચાને પાંખી થકી ઉડતા)....**
5. **નિયમશાસ્ત્રની જુની પદ્ધતિ-> આત્માને અનુસરનારી નવીન પદ્ધતિ**

પણ આત્માને અનુસરનારી નવીન પદ્ધતિ પ્રમાણે સેવા કરીએ. **(રોમન 7 : 6)**

### *1. ઘઉંના દાણાનું મરી જવુ:- યોહાન 12 : 24*

હું તમને નિશ્ચે કહું છું, જો હું ઘઉંનો દાણો જમીનમાં પડીને મરતો નથી, તો તે એકલો રહે છે. પણ જો તે મરે, તો તે ઘણા ફળ આપે છે.

આત્મિક જગતમાં નવા જન્મેલા લોકોને પણ ઘઉં કહેવામાં આવે છે. જો આ દિવસોમાં આપણે પાસ્ટરો,પ્રભુનાં સેવકોને ઘઉંના દાણા સાથે સરખાવીએ તો તેઓનું મૃત્યુ થવું તેની પાછળ "**દેવની મોટી યોજના**" છુપાયેલી છે. પાછલા દિવસોમાં ઘણા પાળકો મૃત્યુ પામ્યા, તેઓનાં મૃત્યુથી અતિ ઘણા "**સામર્થી આત્મિક સેવકો**" બીજા ઘણા બધા ઘઉંના દાણા પ્રભુ ઉત્પન્ન કરવા જઈ રહ્યા છે.નિશ્ચે આ વચન અનુસાર દેવની યોજના હોઈ શકે.



*Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved*

*Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.online*

2. ***વિપત્તિમાંથી સેવકોને ઊગારી લેવુ:- (યશાયા 57 : 1-2)***

ન્યાયી માણસ નાશ પામે છે પણ કોઈ તે ધ્યાનમાં લેતું નથી, અને ધાર્મિક માણસોનાં પ્રાણ લઈ લેવામાં આવે છે પણ કોઈ સમજતો નથી કે તેઓને આવનાર વિપત્તિમાંથી દૂર લઈ જવામાં આવે છે.

ઈશ્વર પિતા જગતમાં આવનારી વિપત્તિથી તેઓને બોલાવી લેવામાં આવે છે.

(પ્રકટીકરણ 14 : **13) હવે પછી મરનાર જેઓ પ્રભુમાં મરણ પામે છે તેઓને ધન્ય છે. આત્મા કહે છે કે, તેઓ પોતાની મહેનતથી વિશ્રાતિ પામે છે.**

3. ***આગેવાનીનું સ્થાનાતરણ: મૂસા થી યહોશુઆ***

આ દિવસોમાં (પુર્નનિયમ 31 : **7) આપણે સ્વર્ગીય કનાન દેશની નજીક આવી પહોંચ્યા છે**. આપણે દેવના રાજ્યની ખૂબ નજીકનાં સમયમાં છીએ.

આજ સુધી મુસા જેવી આગેવાનોની દોરવણી હેઠળ આપણી મંડળીઓ ચાલતી આવી છે.

જે પાળકો મૃત્યુ પામ્યા તેઓની મધ્યસ્થી પ્રાર્થના અને દોરવણી હેઠળ મંડળીઓ ચાલી છે. પણ જ્યારે મુસા જેવા આગેવાનોને પ્રભુ કહે છે કે હવે તમારે તમારી આગેવાની નવી પેઢીનાં જુવાનોને (યહોશુઆની પેઢીને) આપી દેવાની જરૂર છે. માટે સ્વર્ગીય કનાન તરફ આગળ વધતાં પ્રભુ એવા યહોશુઆ જેવા જુવાનો, ઉત્સાહ અને શક્તિથી ભરપૂર એવા આગેવાનોની પેઢીને પોતાની મંડળીની આગેવાની આપવા માટે જઈ રહયા છે માટે મુસાનું મૃત્યુ જરૂરી છે જેથી યહોશુઆની સેવાકાર્યનાં પ્રારંભ થઈ શકે.

મુસાની સેવાને પ્રભુએ અમુક સમયો સુધી જ ઠરાવેલા છે ત્યારપછી યહોશુઆની સેવાની અને આગેવાની ઠરાવેલી છે.

4. ***દેવ પોતાના સંતાનો ને ઉડતા શીખવવા માટે : (ગરુડનાં બચ્ચા સમાન)***

ગરૂડનાં બચ્ચા ઉડતાં શીખે માટે ગરૂડ પોતાનાં બચ્ચાને માળામાંથી નીચે ફેંકી દે છે માળો એ



ખ્રિસ્તી લોકોનો કમ્ફર્ટ ઝોન સૂચવે છે. માળાની અંદર જે બચચા બેસી રહે છે. તે બચ્ચાઓને ગરૂડ પોતાની રીતે ખાવાનું શોધીને તેમના મોંમાં ખવડાવે છે. બચ્ચાને ગરૂડ માતાનું રક્ષણ ને પોષણ તેમજ પીંછાઓની હુંફ મળે છે. પણ “ગરૂડનાં બચ્ચાં આજીવન માળામાં બેસી રહે ને ગરૂડ તેઓનું પોષણ કર્યા કરે એવું બનતું નથી.

જેમ જેમ સમય વીતતો જાય બચ્ચાં મોટાં થતા જાય, તેમ તેમ તેઓને પરીપક્વ થવું જરૂરનું છે. પોતાની રીતે ઉડતા શીખવું જરૂરનું છે. પોતાની ખોરાક મેળવવા શીખવું જરૂરનું છે.



અલગ અલગ પાળકો દવારા પ્રભુએ આપણને વચનોનાં મર્મો સમજાવીને આજ સુધી દોર્યા, આપણું આત્મિક પોષણ કરવામાં આવ્યું. આપણા મોંમાં વચનોરૂપી બીજોને નાખવામાં આવ્યા હવે પ્રભુ Dependency દૂર કરવા માંગે છે.અને દરેક ખ્રિસ્તી વ્યક્તિ કોઈ માણસ પર નહિ પરંતુ ખ્રિસ્ત પર પૂરે પુરા આધારિત થઇ જાય તમે ચાહે છે અને પ્રભુ પોતાના બાળકોને આત્મિક અધિકારોની ઓળખ કરવા માંગે છે. (દેવના દીકરાઓ તરીકે આપણા શું અધિકારો છે તેનો ઉપયોગ કરતાં શીખવવા માંગે છે.) જે આત્મિક માન્ના છે તે માન્ના ક્વાઈટ ટાઈમ-શાંત મનન કરીને વચનોના મર્મ પવિત્ર આત્માની સહાયથી મેળવીને દરેક વ્યક્તિ જાતે આત્મિક ખોરાક મેળવતો થાય તે માટે પ્રભુ પોતે આ ઝુંબેશ ચલાવી રહ્યાં છે.

***5. <u>જૂની પદ્ધતિ- નવી પદ્ધતિ (રોમન 7 : 6)</u>***

એ માટે નિયમશાસ્ત્રની જુની પદ્ધતિ પ્રમાણે નહી, પણ આત્માને અનુસરનારી નવી પદ્ધતિ પ્રમાણે સેવા કરીએ.



દેવનાં રાજ્યમાં ખ્રિસ્ત ઈસુનાં આવ્યા પહેલા નિયમશાસ્ત્રની જુની પદ્ધતિથી સેવાકાર્ય ચાલતું હતું. મુસાના નિયમો અમલમાં આવ્યા ખ્રિસ્ત ઈસુનાં પહેલાં, પણ ખ્રિસ્ત ઈસુનાં આવ્યા પછી એ નિયમશાસ્ત્રરૂપ વેરને નાબૂદ કરી દેવામાં આવ્યું અને ખ્રિસ્ત ઈસુનાં મરણ, દફન અને પુનરૂત્થાન દવારા પવિત્ર આત્મા ચલિત નવી પદ્ધતિ.

Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved

Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.online

# 3. महामारी में क्यों सेवक और अगुवा की मृत्यु ?

क्यों आज प्रभु में सेवक सो गये हैं? *Why Pastors dead in Corona ?*

उपरोक्त प्रश्न आज पूरे मसीह समाज का हैं। हर एक मसिह यीशु पर विश्वास करने वाले व्यक्ति के जीवन में ये प्रश्न उभर रहा है, कि करोना महामारी में प्रभु की अपने सवको के प्रति क्या योजना है? हम प्रभु से कभी सवाल नहीं पूछ सकते हैं पर प्रभु के द्वारा दिए गए उसके वचन और पवित्र आत्मा की अगुवाई के अनुसार हम इन प्रश्नों का उत्तर देने का प्रयास कर सकते हैं।

प्रभु के हृदय की बात जाननी हो तो पवित्र आत्मा की आवाज़ सुननी पड़ेगी। *1 कुरन्थियों 2:10-11* के अनुसार *"परन्तु परमेश्वर ने उन को अपने आत्मा के द्वारा हम पर प्रगट किया; क्योंकि आत्मा सब बातें, वरन परमेश्वर की गूढ़ बातें भी जांचता है।"*

इसलिए प्रभु की आत्मा के सिवाय प्रभु की बातें और कोई नहीं जानता।

जेसे एज्रा ने परमेश्वर की व्यवस्था का अध्ययन किया, वेसे ही हमने भी निम्नलिखित कारणों को पाया:

1. गेहूं के दाने के समान मर जाना:- (*To be fruitful for God)**
2. क्लेश में जाने से सेवकों को बचाया जाना।*
3. नयी पीढ़ी को तैयार करना-( *New Generation-Joshua Generation)**
4. लोगों को अपने तरीके से तैयार करना सीखाना। (चील के शावक का पंखों से उड़ना)*
5. व्यवस्था का पूराना तरीका-आत्मा का नवीन तरीका*

***1. *गेहुं के दाने मर जाते हैं-: यहुन्ना 12:24**** *"मैं तुम से सच सच कहता हूं, कि जब तक गेहूं का दाना भूमि में पड़कर मर नहीं जाता, वह अकेला रहता है परन्तु जब मर जाता है, तो बहुत फल लाता है।*

आत्मिक संसार में नया जन्म लिए हुए लोगों को भी गेहूं कहा जाता है। मौजूदा परिस्थितियों में जब पास्टरो और सेवकों को गेहूं के दाने से तुलना की जाए तो उनकी मृत्यु के पीछे प्रभु की बड़ी योजना छुपी हुई है। पिछले दिनों में बहुत से चरवाहों ने मृत्यु पायी है उनकी मृत्यु के बाद से, अनेक "शक्तिशाली अध्यात्मिक सेवक" बहुत से और गेहूं के दाने पैदा करने जा रहे हैं निश्चित रूप से इस वचन के अनुसार प्रभु की योजना हो सकती है।

***2. *विपत्ति से सेवकों को छुड़ा लेना:-यशायाह 57:1-2****

*"धर्मी जन नाश होता है, और कोई इस बात की चिन्ता नहीं करता; भक्त मनुष्य उठा लिए जाते हैं, परन्तु कोई नहीं सोचता। धर्मी जन इसलिये उठा लिया गया कि आने वाली आपत्ति से बच जाए, वह शान्ति को पहुंचता है; जो सीधी चाल चलता है वह अपनी खाट पर विश्राम करता है।*

परमेश्वर पिता संसार में जो निश्चित रूप से आने वाले क्लेश से बचाने के लिए सेवकों को बुला ले रहे हैं।

*प्रकाशित वाक्य 14:13*

*"और मैं ने स्वर्ग से यह शब्द सुना, कि लिख; जो मुरदे प्रभु में मरते हैं, वे अब से धन्य हैं, आत्मा कहता है, हां क्योंकि वे अपने परिश्रमों से विश्राम पाएंगे, और उन के कार्य उन के साथ हो लेते हैं।"*

*Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved*
*Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.online*

***3. नेतृत्व का स्थानांतरण:-*मूसा से यहोशु***

वर्तमान में *(व्यवस्थाविवरण 31:7) तब मूसा ने यहोशू को बुलाकर सब इस्राएलियों के सम्मुख कहा, कि तू हियाव बान्ध और दृढ़ हो जा; क्योंकि इन लोगों के संग उस देश में जिसे यहोवा ने इनके पूर्वजों से शपथ खाकर देने को कहा था तू जाएगा; और तू इन को उसका अधिकारी कर देगा*)

हम स्वर्गीय कनान देश के नज़दीक आ पहुंचे हैं हम प्रभु के राज्य के एकदम नजदीक समय में है।

जो चरवाहे प्रभु में सो गए उनके मार्गदर्शन और मध्यस्थता की प्रार्थनाओं के तहत मंडलिया चल रही हैं। पर जब मूसा जैसे अगुवो को प्रभु कहते हैं कि अब तुम्हारा नेतृत्व नयी पीढ़ी के जवानों (यहोशु की पीढ़ी) को सौंप देने की जरूरत है। क्योकि स्वर्गीय कनान देश के तरफ आगे बढ़ने के लिए प्रभु यहोशु जैसे जवानों, जोश और शक्ति से भरपूर ऐसे अगुवो को देने जा रहे हैं। इस कारण मूसा की मृत्यु आवश्यक है जिस से यहोशु की सेवकाई प्रारंभ हो सके। मूसा की सेवा को प्रभु ने कुछ निर्धारित समय के लिए ही ठहराई हैं उसके बाद यहोशु की सेवा और नेतृत्व ठहराया हैं।

***4. प्रभु अपनी संतानों को उड़ना सिखने के लिए: (चील के बच्चे के समान)***

चील का शावक उड़ना सिखे इस कारण वह अपने बच्चों को घोसले से नीचे फेक देती है। घोसला विश्वासियों के कम्फर्ट ज़ोन का सूचक हैं। घोंसले के अन्दर जो बच्चे बैठे रहते हैं, उन्हें चील खुद खाना ढूंढ कर उनकी चोंच में देकर खिलाती है बच्चों को माता से पोषण एवं रक्षन के साथ-साथ पंखों से गर्मी भी मिलती है। लेकिन चील के शावक जीवन भर घोसले में ही रहे और चील उन्हें खिलाती रहे, ऐसा होता नहीं है।

***5. पुराना तरीका-नया तरीका (रोमियो 7:6)***

इसलिए, हम पुरानी व्यवस्था के अनुसार नहीं, बल्कि आत्मा के अनुसरण करने वाले नए तरीके के अनुसार सेवा करें। परमेश्वर के राज्य में यीशु मसीह के आने से पहले व्यवस्था पूरानी प्रणाली के अनुसार चलती थी। मूसा के समय व्यवस्था लागू हुई। लेकिन यीशु मसीह के आने के बाद वैध प्रतिशोध समाप्त हो गया। और प्रभु यीशु मसीह की मृत्यु, दफन और पुनरुत्थान के द्वारा पवित्र आत्मा से कार्यरत नयी विधि प्रारंभ हुई।


जैसे जैसे समय बितता है बच्चे बड़े होते जाते हैं और उन्हें परीपक्व होने की जरूरत होती है। उन्हें खुद से उड़ना सिखना पड़ता है और खुद अपना खाना ढूंढना होता है।

अलग अलग पासवान द्वारा प्रभु ने अपने वचनों के अर्थ समझा कर हमे तैयार किया, हमे आत्मिक पोषण दिया। हमारे मुँह में वचन रुपी बीज डाला पर अब प्रभु हमारी आत्मिक निर्भरता दूर करना चाहते हैं। प्रभु हर एक विश्वासी को कोई मनुष्य पर नहीं परंतु यीशु पर पूर्ण से आश्रित हो जाए। प्रभु अपने बच्चों को उनके आत्मिक अधीकारो की पहचान करवाना चाहते(प्रभु के बेटे बेटियों के रुप में हमारे अधिकार क्या हैं एवं उनका उपयोग सिखाना चाहते हैं)

*Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved*

*Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.online*

# 4. અવિશ્વાસ નું મૂળ – સોસીયલ મીડિયા



આમ, સંદેશો સાંભળવાથી વિશ્વાસ થાય છે તથા ખ્રિસ્તનાં વચન દવારા સંદેશો સાંભળવામાં આવે છે, રોમનોને પત્ર 10:17

જેવી રીતે ખ્રિસ્તના વચનો સાંભળી ને વિશ્વાસ થાય છે તેવી જ રીતે દુન્યવી બાબતો સાંભળવાથી અવિશ્વાસ ઉદભવે છે .આપણી આસપાસ જ્યારે આપણે જગત માં રહીએ છીએ,ત્યારે ઘણો બધો ઘોંઘાટ સાંભળીયે છીએ.ઘણા બધા ખ્રિસ્તી જુવાનો પણ મૂવી ,સિરિયલો,બોલીવુડ આલ્બમ, ડી.જે .નાં ગીતો સાંભળે છે.તેઓ એવું કહે છે કે ,એમ કરવું કશું ખોટું નથી.પણ હું તમને તેની સત્યતા પ્રગટ કરવા માંગુ છું. જૂઠો અને જૂઠનો બાપ શૈતાન જે જૂઠ ફેલાવી રહ્યો છે તે એજ છે કે,મૂવી અને સિરિયલો અને સિરીઝ વગેરે ખ્રિસ્તી જુવાનો જોઈ શકે એમાં કઈ ખોટું નથી એ વાત શૈતાન ફેલાવે છે.

મૂવી ને હિટ કરવાને માટે,સિરિયલો ની ટી.આર.પી. વધારવાને માટે તેમને રિલીઝ કરતા પહેલા તાંત્રિક વિધિઓ કરવામાં આવે છે અને બલિદાનો ચઢાવવા માં આવે છે .જેથી આ મૂવી અને સિરચલ જોનારા લોકો વધી જાય.આ માં દરેક દ્રશ્ય મનમોહક હોય છે જે આંખો ની લાલસા બતાવે છે.જે જગત થી છે .મૂવી નાં ગીતો પણ આકર્ષક હોવાનું કારણ એ જ છે કે તેની પાછળ લ્યુસિફર નું સંગીત છુપાયેલું છે.જે મનુષ્ય ને મોહિત કરીને આંધળું કરી નાખે છે.શૈતાન પોતાની શક્તિ અને તાલંત લોકોને નાશ માં લઇ જવા માટે વાપરે છે.

*Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved*

*Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.online*



એક વ્યક્તિ જે પ્રભુને ઓળખનાર હતો,તે તેના મિત્રોની જીદ ને લીધે મૂવી જોવા ગયો,અને એ વ્યક્તિ પરીક્ષણ માં પડીને બેક્સલાઇડ થયો.અને પ્રભુ થી દુર થઇ ને નાશમાં ગયો.

દરેક મૂવી, સીરીયલ ,મૂવી નાં ગીતોમાં દુષ્ટ આત્માઓ નો પ્રભાવ હોય છે.કે જે આપણાં મન ને પ્રભુ થી દૂર લઈ જઈ શકે છે આવા ગીતો આપણાં જૂના માણસપણા (દૈહિક મન) ને સમર્થન આપે છે.અને ખ્રિસ્ત નું નવું માણસપણા (આત્મિક મન) ને દબાવવા પ્રયત્ન કરે છે.

આજ કાલ વોટસેપ નાં સ્ટેટસ મૂકવા તેમજ જોવાનો ટ્રેન્ડ ચાલી આવે છે.ઘણા બધા પોતાના સ્ટેસ્ટસ પર મૂવી નાં ગીતો,ડી.જે .નાં ગીતો,વગેરે પણ મૂકે છે અને જોનારા તે જુએ છે પણ આ સ્ટેટસ જે આંખો થી જોવાય છે તેમજ કાનો થી સંભળાય છે તે આપણાં અર્ધ જાગૃત મનમાં છુંપાઈ રહે છે અને જ્યારે તક મળે છે ત્યારે પાપ કરાવા માટે તે પરીક્ષણ માં નાખે છે.

આજ કાલના ખ્રિસ્તી જુવાનો પણ સિનેમા ,સીરીયલ જોવામાં કઈ ખોટું નથી એમ સમજે છે પરંતુ તેની પાછળ શું છુપાયેલું છે તે જાણતા નથી,ખ્રિસ્તી જુવાનો ના સ્ટેટસ રવિવારે ઇસુનાં હોય છે જયારે બીજા દિવસે જગત પ્રમાણે હોય છે.એમાં સુધાર થવો જરૂરી છે.

Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved
Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.online

# 5. વિપત્તિરૂપી ભઠ્ઠી :-

*** વિપત્તિ આવવાનું કારણ * -:**

**૧ .પાપ**

ત્યારે તું કહે જે કે, યહોવાહ કહે છે કે વિપત્તિ આવવાનું કારણ એ છે કે, 'તમારા પિતૃઓએ મારો ત્યાગ કર્યો' 'અને અન્ય દેવોની પાછળ ગયા છે .અને તેમની સેવાપૂજા કરી તેમણે મારો ત્યાગ કર્યો અને મારા નિયમશાસ્ત્રનું પાલન કર્યુ નહોતું.

યર્મિયા 16:11

તમે ધૂપ બાળ્યો તથા યહોવાહની વિરુદ્ધ પાપ કર્યું અને યહોવાહનું વચન માન્યું નહિ .અને તેમના નિયમો, કાયદાઓ અને સાક્ષ્યોઓનું પાલન પણ ન કર્યું, તેથી જેમ આજ છે, તેમ આ વિપત્તિ તમારા પર આવી પડી છે."

યર્મિયા 44:23

પછીથી ઈસુએ તે માણસને ભક્તિસ્થાનમાં મળીને તેને કહ્યું કે, 'જો તું સાજો થયો છે; હવેથી પાપ ન કર, રખેને તારા પર વિશેષ વિપત્તિ આવી પડે.'

યોહાન 5:14

**૨ .પરીક્ષા અને કસોટી -:**

હું વિચારતો હતો કે, વિપત્તિ અન્યાયીઓને માટે હોય છે, અને દુષ્ટતા કરનારાઓને માટે વિનાશ હોય છે.

અયૂબ 31:3

**શું વિપત્તિ ઈશ્વરને પસંદ છે ?**

કેમ કે હું જાણતો હતો કે તમે કોપ કરવામાં કૃપાળુ અને કરુણાળુ ઈશ્વર છો. કોપ કરવામાં મંદ અને દયાળુ પ્રભુ છો .માણસો પર વિપત્તિ લાવવાથી તમને દુઃખ થાય છે.

યૂના 4:2

*Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved*
*Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.online*

## *વિપત્તિ નો હેતુ *:

***પશ્ચાતાપ***

**માટે હવે ,તમારાં આચરણ અને કૃત્યો સુધારો અને તમારા ઈશ્વર યહોવાહનું કહ્યું સાંભળો, તો કદાચ તમારા પર જે વિપત્તિ લાવવા યહોવાહ બોલ્યા છે તે વિષે તેઓ પશ્ચાતાપ કરે.**
**યર્મિયા** 26:13

***અનંતકાળિક મહિમા***

**કેમ કે અમારી થોડી અને ક્ષણિક વિપત્તિ અમારે માટે ઘણી વધારે તથા અતિશય અનંતકાળિક મહિમા ઉત્પન્ન કરે છે;**
**કરિંથીઓને બીજો પત્ર** 4:17

***મનોમંથન***

**વિપત્તિકાળે વિચાર કર; ઈશ્વરે એ બન્નેને એકબીજાના સાથી બનાવ્યા છે.**
**સભાશિક્ષક** 7:14

**જોકે યહોવાહ તમને સંકટરૂપી રોટલી તથા વિપત્તિરૂપી પાણી આપે છે, તોપણ તમારા શિક્ષક ફરી સંતાશે નહિ, પણ તમારી આંખો તમારા શિક્ષકને જોશે.**
**યશાયા** 30:20

***શુદ્ધતા-પવિત્રતા-સિદ્ધતા***

**જુઓ, મેં તને ચોખ્ખો કર્યો છે, પણ ચાંદીની માફક નહિ; મેં તને વિપત્તિરૂપી ભઠ્ઠીમાં શુદ્ધ કર્યો છે.**
**યશાયા** 48:10

# 6. આધ્યાત્મિક નુકશાન

તેમણે તેઓની માગણી પ્રમાણે તેમને આપ્યું; પણ તેઓને આત્મિક નુકસાન થયું.
ગીતશાસ્ત્ર 106:15

આપણા જીવનમાં રહેલી અદ્રશ્ય મૂર્તિઓ આપણ ને આધ્યાત્મિક નુકશાન તરફ લઈ જાય છે.
- જ્યારે જ્યારે આપણે પ્રભુ ઈસુ પાસે માંગીએ છીએ ત્યારે પ્રભુ આપણને આપે જ છે.કેમકે આપણે સ્વર્ગીય પિતાના દીકરા દીકરીઓ છીએ.
- પણ શું આપણે ફક્ત આપણા પૃથ્વી પરના જીવન માટે ભૌતિક વાનાઓ માંગીએ છીએ ?
- શું આપણે દેવ પાસે ફકત ઘર,નોકરી,ધંધો,નફો,દ્રવ્ય, બાળકો,કે દ્રશ્ય વાના ઓ માંગીએ છીએ?
- શું આપણે દેવ પાસે ફક્ત દ્રશ્ય અને ભૌતિક વાનાં ઓ માંગીએ છીએ?
- શું આપણે પોતાની ઈચ્છા પ્રમાણે માંગીએ છીએ કે ઇશ્વર ની સિદ્ધ ઈચ્છાઓ પ્રમાણે ?

આધ્યાત્મિક નુકશાન ખૂબ મોટું નુકશાન છે
આધ્યાત્મિક નુકશાન અનંતકાળ નું નુકશાન છે
આધ્યાત્મિક નુકશાન ન ભરપાઈ થઈ શકે એવું નુકશાન છે.

ઈબ્રાહિમ : આ વ્યક્તિ ને યહોવા દેવે દીકરાનું દાન આપ્યું પરંતુ પ્રભુ જોઈ રહ્યા હતા કે ઈબ્રાહિમ નું ધ્યાન પોતાના દીકરા તરફ વધારે પડતું થઈ રહ્યું હતું. વૃદ્ધ ઉંમર માં મળેલો દીકરા રૂપી આશીર્વાદ તેને એક આધ્યાત્મિક નુકશાન તરફ લઈ જાય તેવી સંભાવના ઊભી થઈ હતી.આજ દીકરો એક રીતે તેની મૂર્તિ બની ગયો હતો.

તેથી જ દેવે ઈબ્રાહિમ ની પરીક્ષા કરી,અને પોતાના દીકરા નું બલિદાન આપવાનું ઈબ્રાહિમ ને કહેવામાં આવ્યું જેથી ઈબ્રાહિમ ખૂબ મોટા આધ્યાત્મિક નુકશાન માંથી બચી જાય.

શું આપણા જીવનમાં આપણે કોઈ વસ્તુ વ્યક્તિ. ને વધારે પ્રેમ કરીએ છીએ ? એને ઈશ્વર કરતા વધારે મહત્તમ સ્થાન આપીએ છીએ ? કોઈ વસ્તુ વ્યક્તિ પ્રત્યે ખ્રિસ્ત કરતા વધારે લગાવ છે ? જો હા તો આપણે આધ્યાત્મિક નુકશાન તરફ જઈ રહ્યા છે. આપણા આધ્યાત્મિક નુકશાન નું કારણ આપનાં બાળકો, માતા પિતા કે નોકરી કે ધંધો કે મિલકત કે દ્રવ્ય કે મિત્રો તો નથી ને ? વિચાર કરીએ આજે જ આપને કોઈ આધ્યાત્મિક નુકશાન તો નથી વેઠી રહ્યા ને ?
આપણે ખ્રિસ્ત સાથે નાં શાંત સમય ને બીજા કોઈ વ્યક્તિ વસ્તુ ને તો નથી આપી દિધો ને ?
આપણે સ્તુતિ આરાધના અને ખ્રિસ્ત નાં જીવંત વચનો થી દુર તો નથી ગયા ને. ?
આજે જ મનોમંથન નો દિવસ છે.વિચાર કરીએ આપનો મોબાઈલ કે સોશિયલ મીડિયા તમારું આત્મિક નુકશાન તો નથી કરી રહ્યાં ને ..?

*Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved*
*Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.online*

# 7. બે આત્મિક પ્રભાવશાળી શસ્ત્રો – દેવની ઉત્તમ સ્તુતિ – બેધારી તલવાર

તેઓના ગળામાંથી ઈશ્વરની ઉત્તમ સ્તુતિ ગવાઓ, અને તેઓના હાથમાં બેધારી તરવાર રહો; કે
ગીતશાસ્ત્ર 149:6

શાસ્ત્ર વાંચન :- ગીતશાસ્ત્ર ૧૪૯:૫-૯

સંતો એટલે જગત થી અલગ થઈ ગયેલા લોકો,જેઓ પોતાને દેવને માટે જુદા કરે છે.

*ગળામાંથી દેવની ઉત્તમ સ્તુતિ :- સ્તુતિ એ આત્મિક યુદ્ધનું મોટું શસ્ત્ર છે,*

-સ્તુતિ દવારા યહોશાફાટ રાજા અને પ્રજા એ યુદ્ધ જીત્યું,
- સ્તુતિ દવારા યરીખો નો કોટ તોડી પાડવા માં આવ્યો.
- દાઉદ સ્તુતિ નાં ૧૫૦ ગીતો લખે છે.આ દેવની સ્તુતિ છે.
- સ્તુતિ દવારા શૈતાન નું રાજ્ય હાલી જાય છે.
- સ્તુતિ દવારા દેવ આપણાં માટે યુદ્ધ લડે છે.
- સ્તુતિ દવારા શત્રુ માર ખાય છે અને હારી જાય છે.
- સ્તુતિ એ આત્મિક યુદ્ધ નું ખૂબ મોટું શસ્ત્ર છે.

*હાથમાં બેધારી તલવાર :-*

કેમ કે ઈશ્વરનું વચન જીવંત, સમર્થ તથા બેધારી તલવાર કરતાં પણ વધારે તીક્ષ્ણ છે, તે જીવ, આત્મા, સાંધા તથા મજ્જાને જુદાં કરે એટલે સુધી વીંધનારું છે; અને હૃદયના વિચારોને તથા લાગણીઓને પારખી લેનારું છે. હિબ. 4:12

- દેવનું વચન જે આત્મિક તલવાર છે,દરેક આત્મિક વ્યક્તિ નાં હાથ માં આ તલવાર હોવી જરૂરી છે.
- વચન નું સામર્થ્ય ખૂબ જ વધારે છે,કેમકે તે દેવનો શબ્દ છે.
- એ જ શબ્દ દવારા પ્રભુ એ સૃષ્ટિ ની રચના કરી છે.
- એ શરીર આત્મા અને પ્રાણ ને વિંધનારું પ્રબળ છે.

જ્યારે પ્રભુનાં સંતો એટલે પસંદ કરેલા લોકો નાં હાથ માં આ બે શસ્ત્ર હોય છે ત્યારે જગત ની અંદર આત્મિક સ્થાનો માં જે શૈતાન નાં દુતો (રાજાઓ) અને હાકેમો (અધિકારીઓ) એફેસીઓ ને પત્ર ૬:૧૨ છે તેઓને આત્મિક સાંકળો થી અને આત્મિક લોઢાની બેડીઓ (જે ખુબજ મજબૂત) હોય છે તેઓ થી બાંધી ને શૈતાન નાં કાર્યો ને અટકાવી શકાય છે.

લાગુકરણ :

દરેક ખ્રિસ્ત પર વિશ્વાસ કરનાર લોકો પાસે આ બે આત્મિક હથિયાર હોવા જરૂરી છે.એક દેવની ઉત્તમ સ્તુતિ,અને બેધારી તલવાર એટલે દેવનું વચન.

*Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved*
*Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.online*

# ૪. આધુનિક મૂર્તિપૂજા

ખ્રિસ્તી લોકો દેવની આજ્ઞા ને અનુસાર કોઈ મૂર્તિ ને નમતા નથી અને તેની ભક્તિ કરતા નથી,

તું તારે માટે કોઈ કોરેલી મૂર્તિ ન કર. ઉપર આકાશમાંની કે નીચે ભૂમિમાંની કે ભૂમિની નીચેનાં પાણીમાંની કોઈ પણ ચીજની [પ્રતિમા] ન કર. તું તેઓની આગળ ન નમ, ને તેઓની સેવા ન કર; કેમ કે હું તારો ઈશ્વર યહોવા આસ્થાવાન ઈશ્વર છું,

નિર્ગમન 20:4-5



જૂના કરાર માં ઘણા બધા રાજાઓ તેમજ યહૂદી પ્રજા એ મૂર્તિપૂજા કરવા લાગ્યા હતા ,વિદેશી લોકોના દેવી દેવતા ઓ ને પોતાના કરી લીધા હતા અને આ પાપ ને લીધે યહોવા પરમેશ્વર વારંવાર તેઓને શિક્ષા કરતા હતા અને તેઓ સંકટ માં આવી પડતાં હતાં.

મુસા જ્યારે પર્વત પર દેવને મળવા માટે ગયો તે સમયે હારુન તથા ઇઝરાયેલી પ્રજા એ સોનાનું વાછરડું બનાવીને તેની સ્તુતિ કરવાનું શરૂ કરીને જીવતાં દેવને રોષ ચઢાવ્યો હતો.

***યહોવા પરમેશ્વર એ આસ્થાવાન દેવ છે.જે પોતાની સ્તુતિ તેમજ મહિમા કોઈ બીજી વ્યક્તિ,મૂર્તિ કે માણસ ને આપવા દેતા નથી.***

***મૂર્તિ નો સીધો અને સરળ અર્થ એ છે કે, જે સ્થાન દેવનું છે તે સ્થાન બીજી કોઈ વ્યક્તિ કે વસ્તુ ને આપવું.***

***સૌથી પ્રથમ સ્થાન જીવતાં ઈશ્વર નું જ છે.***

*Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved*
*Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.online*

અને જો તમે અને હું એ સ્થાન બીજી કોઈ નિર્જીવ વસ્તુ કે સજીવ વ્યક્તિ ને પણ આપો તો એ નિર્જીવ વસ્તુ તમારી મૂર્તિ છે.અને એ સજીવ વ્યક્તિ તમારી મૂર્તિ છે.

તમારી મિલકત તમારી મૂર્તિ હોય શકે છે.

તમારા દીકરા દીકરી તમારી મૂર્તિ હોઈ શકે છે.

તમારા માતા પિતા તમારી મૂર્તિ હોય શકે છે.

તમારું ધન દ્રવ્ય તમારી મૂર્તિ હોય શકે છે.

તમારી સંસ્થા તમારી મૂર્તિ હોય શકે છે.

તમારી પત્ની કે પતિ તમારી મૂર્તિ હોય શકે છે

તમારી ખેતીવાડી તમારી મૂર્તિ હોય શકે છે.

તમારું કેરિયર અભ્યાસ તમારી મૂર્તિ હોય શકે છે.

તમારી નોકરી ધંધો તમારી મૂર્તિ હોય શકે છે .

તમારો મોબાઈલ સ્માર્ટ ફોન તમારી મૂર્તિ હોય શકે છે.

તમારું સોશ્યલ મીડિયા તમારી મૂર્તિ હોય શકે છે.

તમારા મિત્રો સબંધીઓ તમારી મૂર્તિ હોય શકે છે.

આજે આપનાં જીવન માં વિચાર કરવાની જરૂર છે ***શું આ પ્રકારનાં મૂર્તિપૂજક આપણે તો નથી ને*** ?શું આજે પણ આપણે દેવનાં પ્રથમ સ્થાન ને મહત્વ ન આપીને બીજી કોઈ વ્યક્તિ,વસ્તુ ને પ્રથમ સ્થાન તો નથી આપવા માંડયા ને ?

સરળ ભાષા માં - ***"ખ્રિસ્ત ઈસુ જીવતાં દેવ કરતા વિશેષ પ્રેમ બીજી કોઈ વસ્તુ - વ્યક્તિ ને કરવો એટલે જ મૂર્તિ પૂંજા"***

ઈસુએ ઉત્તર આપ્યો, “પહેલી એ છે કે, ઓ ઇઝરાયલ સાંભળ; પ્રભુ આપણો ઈશ્વર તે પ્રભુ એક જ છે; અને તારા પૂરા હ્રદયથી, ને તારા પૂરા જીવથી, ને તારી પૂરી બુદ્ધિથી, ને તારા પૂરા સામર્થ્યથી, પ્રભુ તારા ઈશ્વર પર તું પ્રેમ કર. અને બીજી એ છે કે જેમ તું પોતાના પર પ્રેમ કરે છે તેમ તારા પડોશી પર પ્રેમ કર તેઓ કરતાં બીજી કોઈ મોટી આજ્ઞા નથી.”

માર્ક 12:29-31

વિચાર કરીએ †□વધસ્તંભ નું ઊભું લાકડું પ્રથમ દેવ પ્રત્યેના પ્રેમ ને દર્શાવે છે.જે સૌથી મોટી આજ્ઞા છે.અને બીજી આજ્ઞા માણસો પ્રત્યે પ્રેમ કરવા માટેની આજ્ઞા છે.જે †□વધસ્તંભ નું આડું લાકડું છે.ફકત એક લાકડા થી વધસ્તંભ બની શકતો નથી તેથી પ્રથમ આજ્ઞા દેવ પ્રત્યે પ્રેમ કરીએ અને એકબીજા પ્રત્યે પ્રેમ કરીએ .દેવનું સ્થાન બીજી કોઈ વ્યક્તિ ને કે વસ્તુ ને આપણે આપતાં હોય તો આ મૂર્તિ પૂજા ને આજે જ ત્યજી દઈએ..આજે જ મનોમંથન કરવાનો દિવસ છે.

*Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved*
*Contact Us : spiritualigniteyouth@gmail.com, [www.spiritualigniteyouth.online](www.spiritualigniteyouth.online)*

# 9. દેવ સાથેનો વાચા સંબંધ અને ડાયરેક્ટ સબંધ




એડન વાડી માં આદમ અને હવા સાથે દેવ રૂબરૂ વાત કરતા હતા અને પાપ નાં આવ્યા પહેલા દેવનો માણસ ની સાથે વ્યક્તિગત સબંધ હતો પણ પાપ પછી તે સબંધ તૂટી ગયો.અને ત્યાર બાદ પ્રભુ નો આત્મા તેની પાસેથી જતા રહ્યા,અને ઈશ્વર પોતાના સેવકો દવારા,પ્રબોધકો તેમજ ન્યાયાધીશો દવારા પોતાના લોકો સાથે વાત કરતા હતા.પરંતુ માણસ નો દેવ સાથેનો વ્યક્તિગત સબંધ ન હતો, વાચા કરીને પ્રભુ માણસો ની સાથે વાત કરતા.આ જૂના કરાર નો સબંધ હતો.

પણ ખ્રિસ્ત ઈસુ નાં આવ્યા પછી જે એડન વાડી માં દેવ સાથેનાં વ્યક્તિગત સબંધ ની દોરી તૂટી ગઈ હતી તે ફરીથી એકવાર પુન:સ્થાપિત થઈ.ખ્રિસ્ત ઈસુ જે દવારા જ્યારે વધસ્તંભ પર બલિદાન આપવામાં આવ્યું ત્યારે મંદિર નો પડદો ફાટી ગયો અને પિતા અને પુત્ર નો વ્યક્તિગત સબંધ ફરી પાછો જોડાયો.

આમ ખ્રિસ્ત ઈસુમાં નવા કરાર દવારા દરેક તેના પર વિશ્વાસ કરનાર વ્યક્તિ દરેક પિતા ની હજૂર માં તેમના સાથે વ્યક્તિગત સબંધ માં આવી શકે છે.

તેમને આપણને જે પવિત્ર આત્મા આપ્યો છે તેમની સહાય થી અને ખ્રિસ્ત ઈસુ દવારા આપણે આપણા સ્વર્ગીય પિતા નાં વ્યક્તિગત સબંધ માં આવીએ છીએ.

સબંધ માં વાર્તાલાપ હોય છે. **Communication**

સબંધ માં શેરિંગ હોય છે. **Sharing**

સબંધ માં સમય ની ફાળવણી હોય છે **Time**

સબંધ માં વિશ્વાસુ પણું હોય છે. **Faithfulness**

સબંધ માં ભરોસો હોય છે **Trust**

સબંધ માં પારદર્શકતા હોય છે **Transparency**

શું તમે ખ્રિસ્ત ઈસુ સાથે વ્યક્તિ ગત સબંધ માં છો? કે પછી હજી પણ કોઈ વાચા વ્યક્તિ છે તમારી વચ્ચે ? આજે જ વિચાર કરો ,નિર્ણય કરો...

God want direct relationship with Christ Jesus.

*Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved*

*Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.online*

# 10. દેવને તમારું *થોડું* આપો



થોડું તેલ અને થોડો લોટ :-

પણ તે વિધવાએ જવાબ આપ્યો, "તારા ઈશ્વર યહોવાહની હાજરીમાં હું કહું છું કે મારી પાસે રોટલી નથી પણ માટલીમાં ફક્ત એક મુઠ્ઠી લોટ અને કૂંડીમાં થોડું તેલ છે. જો હું અહીં થોડાં લાકડાં વીણવા આવી છું, જેથી હું જઈને મારે માટે અને મારા પુત્ર માટે કંઈ રાંધુ કે જેથી અમે તે ખાઈએ અને પછીથી મરણ પામીએ."

1 રાજઓ 17:12

આપણે ઘણી બધી વખત ઈશ્વરને માટે થોડી વસ્તુ આપવાને માટે વિચાર કરીએ છીએ ,અને કહીએ છીએ મારી પોતાની જ પાસે થોડું છે તો તેને કઈ રીતે હું ઈશ્વરને આપી શકું ? એ સરફ્ત ની વિધવા ની પાસે એક મુઠ્ઠી લોટ અને કુંડી માં થોડું જ તેલ હતું , એ વસ્તુ દેવનાં સેવક ને આપવાને માટે તે મુઝવણ અનુભવે છે ,પણ જ્યારે એ જ થોડું તેલ અને થોડો લોટ જ્યારે દેવનાં અભિષિક્ત સેવકને માટે આપે છે એટલે કે દેવનાં રાજ્યમાં વાવણી કરે છે ત્યારે એજ થોડા ને પ્રભુ બહુ ગુણીત કરે છે.

નીતિમાન લોકો પાસે જે કંઈ થોડું છે, તે ઘણા દુષ્ટ લોકોની વિપુલ સંપત્તિ કરતાં ઘણું વધારે છે.
ગીતશાસ્ત્ર 37:16

ખ્રિસ્ત નાં લોકો પાસે જે કંઈ પણ થોડું છે તે દુષ્ટો ની વિપુલ સંપતિ કરતા વધારે છે.કેમકે ખ્રિસ્તના આશીર્વાદો એ થોડી સંપતિ માં હોય છે અને તે આપણને આનંદ થી ભરી દેનારા હોય છે.

'એક જુવાન અહીં છે, તેની પાસે જવની પાંચ રોટલી અને બે માછલી છે; પણ તે આટલાં બધાને કેવી રીતે પૂરાં પડે?' યોહાન 6:9

ફિલિપે તેમને જવાબ આપ્યો, 'બસો દીનારની રોટલી તેઓને સારુ પૂરતી નથી કે, તેઓમાંના દરેકને થોડું થોડું મળે.'
યોહાન 6:7

*Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved*

*Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.online*

પહાડ પરના ભાષણ વખતે લોકો ભૂખ્યા હતા ત્યારે એક જુવાન પાસે થોડું જ ભોજન હતું.ફક્ત જવની પાંચ રોટલી અને બે માછલી પણ પુશ્કળતા નો પ્રભુ જ્યારે તેમની સાથે હતો અને જ્યારે એ થોડું ભોજન ખ્રિસ્તના હાથો માં આવ્યું ત્યારે તે વધીને પાંચ હજાર લોકો ને માટે આશીર્વાદ નું કારણ બન્યું અને *બહુ ગુણિત* થયું.



જેમ લખેલું છે, 'જેની પાસે ઘણું હતું તેને વધી પડયું નહિ; અને જેની પાસે થોડું હતું તેને ખૂટી પડયું નહિ.'
કરિંથીઓને બીજો પત્ર 8:15

જયારે દેવનાં લોકો પોતાની થોડી વસ્તુઓ દેવને આપી દે છે ત્યારે તે ખૂટી પડતું નથી પણ મહાન પરમેશ્વર તેને બહુ ગુણિત કરીને પાછા આપે છે. આપણાં ઈશ્વર એ પુષ્કળતા નાં પ્રભુ છે અને તેઓ થોડી વસ્તુ ને વધારનાર દેવ છે.

*ખ્રિસ્ત ની પાસે આપણી પાસે થોડું છે તે લાવીએ તે થોડા ને વધારે માં રૂપાતરિત કરશે.
તમારો થોડો સમય,થોડી પ્રાર્થના,થોડું મનન,થોડી સ્તુતિ આરાધના,થોડા નાણાં દેવને માટે આપી દો ,અને આ બાબત ને માટે ચોક્કસ થાઓ ,દેવ કદી પણ તમારી થોડી વસ્તુઓ ને ખૂટવા દેશે નહિ.

*Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved*

*Contact Us : spiritualigniteyouth@gmail.com, [www.spiritualigniteyouth.online](http://www.spiritualigniteyouth.online)*

# 11. સત્ય તમને મુક્ત કરશે

તે પ્રથમથી મનુષ્યઘાતક હતો અને તેનામાં સત્ય નથી, તેથી તે સત્યમાં સ્થિર રહ્યો નહિ; જયારે તે જૂઠું બોલે છે, ત્યારે તે પોતાથી જ બોલે છે, કેમ કે તે જૂઠો અને જૂઠાનો પિતા છે.
યોહ. 8:44

જૂઠ એ સત્ય ને દાબી નાખે છે ,
જૂઠ એક પડદા સમાન છે જે સત્યને ઢાંકી રાખે છે.
જૂઠું બોલવું એ માણસ માટે સહજ વાત થઈ ગઈ છે
આપણે હાલતા ચાલતા જૂઠું બોલતા હોય છે.જૂઠું બોલવાની બાબત ને આપને સહજ રીતે લઈએ છીએ.અને આપણ તેને નાનું પાપ ગણીએ છીએ.પણ ઈશ્વર ની આગળ નાનું પાપ અને મોટું પાપ એવો કોઈ માપ દંડ નથી. ઈશ્વર દરેક પાપ ને પાપ જ ગણે છે. એ નાનું હોય કે મોટું .

માત્થી ૨૮:૧૧-૧૫ માં ખ્રિસ્ત ઈસુ નાં પુનરુત્થાન નાં સત્ય ને જૂઠ થી દાબી નાખવા માં આવે છે.દરેક ચોકીદારે ખ્રિસ્ત ઈસુ ની કબર પર જે પત્થર ગબડયો તે અને ખ્રિસ્ત નાં પુનરુત્થાન નાં સત્ય ને પોતાની નરી આંખે જોયું.

જો આ સત્ય યહૂદી સમાજ માં પ્રગટ થાય તો એક મોટી સાક્ષી ઊભી થાય અને આખો યહૂદી સમાજ ખ્રિસ્ત ઈસુ પર વિશ્વાસ કરીને તારણ પામે.

પરંતુ ખ્રિસ્ત ઈસુ નાં પુનરુત્થાન નાં સત્ય ને દાબી નાખવા માટે તેમજ જૂઠું બોલવા માટે સિપાઈ ઓ ને ઘણાં નાણાં આપવામાં આવે છે. કલમ ૧૨

અને તેઓ જૂઠું બોલે છે અને એજ વાત આજ સુધી યહૂદીઓ માં ચાલતી આવે છે. એ જૂઠ હજી સુધી યહૂદી સમાજ માં રાજ્ય કરતું આવ્યુ છે અને તેઓ ખ્રિસ્ત નાં તારણ નાં અનુભવથી વંચિત છે.

શૈતાન એ અસ્ત્ય નો પિતા છે.
તે જૂઠો અને જૂઠા નો બાપ છે.
તેણે જૂઠ બોલીને સ્વર્ગ ના ઘણા દૂતો ને પતિત્ત કર્યા
તેણે એડન વાડી માં જૂઠ બોલી ને મનુષ્ય નો ઘાત કર્યો
તે સત્ય માં સ્થિર રહ્યો નહિ

એ સત્યને દાબી રાખવા માંગે છે ,કેમકે તમે સત્યને જાણશો અને સત્ય તમને મુક્ત કરશે.'
યોહાન 8:32

સત્ય માં સ્વતંત્ર કરવાનું સામર્થ્ય છે,
સત્ય એજ જીવન છે.
સત્ય એ ખ્રિસ્ત ઈસુ પોતે છે.
દેવનું વચન એ જ સત્ય છે.

એ માટે અસત્ય દૂર કરીને દરેક પોતાના પડોશીની સાથે સત્ય બોલો; કેમ કે આપણે એકબીજાનાં અંગો છીએ.
એફેસીઓને પત્ર 4:25

જો આજ સુધી આપણે જૂઠું બોલવું એ સહજ ગણ્યું હોય તો આજે જ પ્રભુ પાસે આવીએ ,દેવની પાસે જઈએ અને માફી માગીએ ,કે પ્રભુ મારા પાપ ની માફી મને આપો અને મને સત્ય થી પવિત્ર કરો.હું કોઈ પણ વાતે જૂઠું ન બોલું માટે મને તમે તમારા સત્ય નાં આત્મા થી ભરી દો.પ્રભુ ઈસુના નામ માં માંગુ છું. Amen

લાગુકરણ :

ઈસુ ખ્રિસ્ત મારા પ્રભુ જે સર્વ સત્ય છે તમેને હું પહેરી લઈ મારા જીવન દવારા સુવાર્તા નું સત્ય છે,તારણ નું જે સત્ય છે,અનંતજીવન નું જે સત્ય છે તે લોકો ની આગળ હું પ્રગટ કરીશ. અને કોઈ પણ જૂઠ ને મારા જીવન માં કાર્ય કરવા દઈશ નહિ અને મારા મુખ દવારા કોઈ પણ સમય જૂઠ બોલીશ નહિ.

*Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved*

*Contact Us : spiritualigniteyouth@gmail.com, [www.spiritualigniteyouth.online](http://www.spiritualigniteyouth.online)*

## પરેમશ્વર ની હજુરનું આચ્છાદન

*માણસના કાવતરાંથી તમારી હજૂરના આચ્છાદાન વડે તમે તેઓને ઢાંકીને બચાવશો; જીભના કંકાસથી તમે તેઓને માંડવામાં સંતાડી રાખશો.*
ગીતશાસ્ત્ર 31:20

આપણે અગાઉ નાં મનન માં જોયું તે પ્રમાણે શૈતાન અનેક રીતે મનુષ્ય નો ઉપયોગ કરીને પોતાની યોજના ઓ દેવના લોકો ની વિરૂદ્ધ અજમાવે છે.

આપણી આજુ બાજુ ઘણા એવા લોકોનું સંઘઠન હોય છે ,જે જગતનાં આત્મા થી પ્રેરણા મેળવતા હોય છે.જે ખ્રિસ્ત વિરોધી નો આત્મા છે.

અને ખ્રિસ્ત ની મંડળી વિરુદ્ધ ,દેવના અભિષેક પામેલા સેવકો અને વિશ્વાસીઓ વિરુદ્ધ આ માણસો અલગ અલગ કાવતરા ઓ ઘડતા હોય છે.આ લોકો શેતાન અને તેના એજન્ટો હોય છે.

જેઓના કાવતરા મંડળીનાં કુટુંબોને તોડવા ,
દેવનાં સેવકો ને અલગ અલગ કાવતરા ઓ થી પાડી નાખવા
દેવના લોકો ને ખ્રિસ્ત થી દુર લઈ જવા
દેવના લોકો ને ભ્રાંતિ (ભૂલ) માં રાખવા
દેવના લોકો ને સત્ય નું જ્ઞાન ન થવા દેવું

તેઓનું સંઘઠન હોય છે તેઓ ટીમ વર્ક કરીને દેવની મંડળી ને તોડે છે અને દેવના લોકો ને પ્રભુ થી દુર લઈ જાય છે.

જેવી રીતે આપણે પ્રાર્થના કરીયે છીએ તેઓ પણ પ્રાર્થના કરે છે પણ તે જીભ ના કંકાસ સમાન હોય છે.ખ્રિસ્ત ના લોકો પોતાની જીભ વડે આશીર્વાદ બોલે છે.જયારે આવા શૈતાન ના એજન્ટ દેવની મંડળી અને સેવકો ની વિરુદ્ધ શ્રાપ ના શબ્દો બોલે છે.કુટુંબો ની વિરુદ્ધ શ્રાપ ના શબ્દો બોલે છે.

આવા એજન્ટો ની પ્રવૃત્તિ અને કાવતરા ને અને જીભ ના કંકાસ ને કારણે મંડળી આજે બંધાયેલી છે,સાંકળો થી કેમકે દેવનું સત્ય તેઓથી સંતાડી રખાયેલું છે.

પણ આજે દરેક મંડળી એ ઉભા થવાની જરૂર છે.
જો મંડળી કે તેના સેવકો દેવનાં હજુર ના આચ્છાદન માં છે તો દેવ તમને ઢાંકી ને બચાવશે.

Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved
Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.online

*હજુર નું આચ્છાદન શું છે?*

હજૂરી એટલે દેવની હાજરી

જે વ્યકતિ દેવની હાજરી નાં સબંધમાં છે

જે વ્યકતિ દેવની સાથે નિત્ય સમય ગાળે છે

જે વ્યકતિ રોજ ઈશ્વરનાં વચન માં તેમની ઈચ્છા શોધે છે

જે વ્યકતિ રોજ તેમની સ્તુતિ કરતો રહે છે

જે વ્યકતિ દરેક સમય પવિત્ર આત્મા ની દોરવણી પ્રમાણે ચાલે છે

તે વ્યક્તિ *સર્વશક્તિમાન દેવ તરફથી અભિષેક* પામે છે

*અભિષેક* એજ *દેવની હજુર નું આચ્છાદન* છે.

*અભિષેક* ઝુસરીને તોડે છે.

*અભિષેક* આપનો ભાર ઊંચકી લે છે.

*અભિષેક* માણસનાં કાવતરા થી રક્ષણ કરે છે.

*અભિષેક* એ દેવનું દૈવી રક્ષણ છે.

અભિષેક દવારા દેવ આપણને ઢાંકી ને રાખે છે.

લાગુકરણ:-

દેવની હજૂરી માં નિત્ય સમય કાઢી ને વ્યક્તિગત રીતે આવીએ તો પ્રભુ તેમના હજૂરના આચ્છાદાન (આત્માના અભિષેક) વડે આપણને ઢાંકી ને બચાવશે.

*Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved*

*Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.online*

# 13.ખ્રિસ્ત તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરો

પણ હે યહોવા ઇશ્વર, મારી દષ્ટિ તમારા જ ઉપર છે, તમે મારા આશ્રય છો; મારા આત્માનો નાશ થવા ન દો.ગીતશાસ્ત્ર 141:8

જયારે ઈશ્વર આપણાં જીવનમાં ખૂબ મોટું કાર્ય કરવાનાં હોય ત્યારે શૈતાન પોતાની તરફ આપણાં ધ્યાન ને કેન્દ્રિત કરવા ને માટે પ્રયત્ન કરે છે.

***<u>શૈતાન નું શસ્ત્ર :ધ્યાન ભંગ</u>***

આ શૈતાન નાં શસ્ત્ર વિશે આપણે કદાચ હજી સુધી સાંભળ્યું નથી,પણ આ તેંનું તેજદાર સશસ્ત્ર છે.

- જયારે શૈતાન મનુષ્ય ના જીવનમાં કાર્ય કરી શકતો નથી ત્યારે તે બીજા મનુષ્ય કે બાહ્ય પરિસ્થિતિ દવારા મનુષ્ય નું ધ્યાન ભટકાવી દેવામાં તેની મોટી યોજના છે.

લૂક ૮:૨૨-૩૧ માં આપણે જોઈએ છીએ કે,પ્રભુ ઈસુ અને શિષ્યો સમુદ્ર ને પેલે પાર જવાના હોય છે,અને પેલે પાર એક દુષ્ટ આત્મા વળગેલો વ્યકતિ (સૈના) માંથી પ્રભુ દુષ્ટ આત્માઓ ને હાંકી કાઢવાની યોજના ખ્રિસ્ત ઈસુ ની પાસે હતી.

- આ યોજના નિષ્ફળ જાય માટે શૈતાન સમુદ્ર માં તોફાન લાવે છે.
- શિષ્યો નું ધ્યાન તોફાન તરફ જોઈને નિરાશ અને ચિંતાથી ભરાઈ જાય છે.
- ખ્રિસ્ત ઈસુ આરામ ની નિંદ્રા માં હોય છે.

***<u>ખ્રિસ્ત ઈસુ ની પાસે થી શીખ:</u>***

તેઓ નિશ્ચિંત છે

તેઓ શાંતિ થી ભરેલા છે

બાહ્ય તોફાનની તેમનાં જીવન પર કોઈ અસર નથી

ખ્રિસ્ત ઈસુ ની શાંતિ જે આંતરિક શાંતિ છે

આંતરિક શાંતિ સર્વ સમજ શક્તિ ની બહાર છે.

આ શાંતિ દવારા ખ્રિસ્ત બહાર ની પરિસ્થિતિ ને પણ શાંત કરે છે.

આ જ શાંતિ ને ઈસુ ખ્રિસ્ત સમુદ્ર અને પવન પર બોલે છે.

અને આમ તેઓ તોફાન,આંધી,પવન થી ગભરાતા નથી પણ અધિકાર લઈને તેમની આંતરિક શાંતિ ને બાહ્ય પરિસ્થિતિ ની ઉપર બોલે છે અને પવન તથા સમુદ્ર શાંત થાય છે.

*લાગુકરણ:-

ખ્રિસ્ત ઈસુ જે આપણા વિશ્વાસ નાં અગ્રેસર છે તેની તરફ જોઈએ આપણી શું પરિષ્ટતિથિ છે તે તરફ નહિ,પરંતુ ખ્રિસ્ત તરફ ,આપણા કુટુંબ ની પરિસ્થિતિ વિકટ છે તો એ તરફ નહીં ,આપને બીમાર છીએ તો બીમારી તરફ નહીં,પરંતુ આપણી દ્રષ્ટિ ખ્રિસ્ત તરફ ,તેના વચન તરફ હોવી જોઈએ એ ખૂબ અગત્ય નું છે.*

*Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved*

*Contact Us : spiritualigniteyouth@gmail.com, [www.spiritualigniteyouth.online](http://www.spiritualigniteyouth.online)*

## *૧. ઈસુના ગુણ હું ગાઉં*

Listen to ISU NA GUN HU GAAU by Spiritual Ignite Youth on #SoundCloud
https://soundcloud.app.goo.gl/pj1bs

## *૨. યહોવાના મંદિરમાં રોપાયેલા અમે રોપા*

Listen to YAHOVANA MANDIRMA ROPAYLEA by Spiritual Ignite Youth on #SoundCloud
https://soundcloud.app.goo.gl/2PKi9

## *૩. ઈસુ તારી જ ભક્તિ કરીશ હું*

Listen to ISU TARI J BHAKTI KARISH HU by Spiritual Ignite Youth on #SoundCloud
https://soundcloud.app.goo.gl/Zgbbd

## *૪. તારા પ્રેમને મે ચાખી લીધો*

Listen to TARA PREM NE MAIN CHAKHI LIDHO by Spiritual Ignite Youth on #SoundCloud
https://soundcloud.app.goo.gl/Vv8VW

## *૫.પવિત્ર આત્મા ઉતરી આવ*

Listen to PAVITRA AATMA UATRI AAV by Spiritual Ignite Youth on #SoundCloud
https://soundcloud.app.goo.gl/ws1R3

## *૬. તેરી આત્મા સે ભાગકર મે જાઉ કહાં*

Listen to JAAU KANHA MAIN JAAU KANHA by Spiritual Ignite Youth on #SoundCloud
https://soundcloud.app.goo.gl/DTuv8

## *૭. મે તેરે તંબુ મે યુગાનુંયુગ બના રહુંગા*

Listen to MAIN TERE TAMBOO MAIN by Spiritual Ignite Youth on #SoundCloud
https://soundcloud.app.goo.gl/qMvGN

બીજા મિત્રોને મોકલો અને આશીર્વાદો ને વહેચો..

*Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved*

*Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.online*

# 15. દેવના રાજ્યનાં સેવાકાર્યો માટે પ્રાર્થના

## ૧.) મિશનરી કથનો ને માટે :- (Missionary Quotes)

જુદા જુદા સેવકોના વિચારોની પ્રેરણા દવારા આપણા જીવનોમાં પ્રેરણા થઇ શકે ,અને આપણે ઉત્સાહિત થઇ શકીએ માટે મિશનરી કોટસ ની ઓનલાઈન સેવા પ્રભુના આવતા સુધી ચાલતી રહે.

## ૨.) ઇગ્નાઈટ યુથ મેગેઝિન ને માટે :- (Online Youth Magazine)

ઇગ્નાઈટ યુથ મેગેઝિન જેવી ખાસ જુવાનોને માટે કોઈ આત્મિક પત્રિકા ઉપલબ્ધ નથી .આ દિવસોમાં આ પ્રકારના મેગેઝિન દવારા ઘણા બધા જુવાનોના જીવનો માં મોટા કાર્યો પ્રગટ થઇ શકે.ખ્રિસ્ત ઇસુ સાથેના નિકટના સબંધમાં તેઓ આવી શકે.

## ૩.) ઓનલાઈન પ્રાર્થના સાંકળ :- (Online Prayer Chain)

ઓનલાઈન પ્રાર્થના સાંકળની સેવામાં ઘણા બધા જુવાનો એક પ્રાર્થના યોદ્ધાઓ તરીકે તૈયાર થઇ શકે.પોતાનાં જીવનને એક પ્રાર્થના યોદ્ધા તરીકે તૈયાર કરી શકે.દેવના વચન જીવતા ખડક ખ્રિસ્ત ઇસુ પર પોતાનાં આત્મિક જીવનો નો પાયો નાખી શકે.

## ૪.) ઘર ઘરની સંગત :- (Cottage Meeting)

જુદા જુદા જુવાનોનાં ઘરે ઘરે જઈને મુલાકત લેવી તેમજ એક આત્મિક સંગત પૂરી પાડવી,જુવાનો ને પ્રોત્સાહિત કરવા દવારા જુવાનો આજની પેઢીના ઉત્તમ નમુના તરીકે ઊભા થાય.માટે પ્રાર્થના કરશો,જો તમે તમાર ઘરે ઇગ્નાઈટ યુથ ના જુવાનો ને મિટિંગ માટે બોલાવા માંગો છો,તો જણાવશો.

## ૫.) યુથ-લાઈબ્રેરી – બુક સ્ટોલ :- (Youth Library-Book Stall)

જુદા જુદા આત્મિક પુસ્તકો તેમજ મિશનરી જીવનો માંથી પ્રેરણા મળી શકે માટે યુથ લાઈબ્રેરી ,બેડકુવા ,દાદરી ફળિયા મુકામે શરૂ કરવામાં આવેલ છે.તેનો લાભ ઘણા બધા જુવાનો લઇ શકે.

આત્મિક સાહિત્ય પુરા પાડવા માટે એક બુક સ્ટોલ પણ શરુ કરવામાં આવેલ છે,એ બુક સ્ટોલમાં પણ ઘણા બધા લોકો મુલાકત લઈને બુક દવારા આશીર્વાદિત થઇ શકે. ઘણાબધા વિશ્વાસુ ઓ બુક-સ્ટોલ અને લાઈબ્રેરીની મુલાકત લઇ શકે અને તેઓને વાંચન પ્રત્યે ભૂખ ઉત્પન્ન થાય અને દેવનું મોટું કાર્ય થાય માટે.

## *स्पिरिच्युअल इग्नाईट यूथ का उद्भव :*

जवानो के आत्मिक जीवनो के लिए दो-तिन जवानो के मन में परमेश्वर ने एक प्रेरणात्मक विचार डाले ,ये सभी जवान दक्षिण गुजरात के मांडवी गाव ं में एक दुकान में संगीत शिखने के लिए इकठ्ठा होते थे ,उस जगह पर अपने खाली समय पर वो लोग प्रभु की आराधना और प्रार्थनामें अपना समय निकालते थे,वही से ये युथ मूवमेंट की शुरुआत हुई,ये युथ मूवमेंट के तहत बेड्कुवा ग़ाव के एक स्थानिक कलीसियामें इतवार के दिन शाम को इन जवानो ने प्रार्थना के लिए मिलना शुरू किया,और निरंतर और लगातार वो प्रार्थना ,स्तुति-आराधना के लिए मिलने लगे,और एक बड़ी क्रुसेड मीटिंग के लिए प्रभुने उनके मनोमें प्रेरणा डाली,हरेक इतवार शाम की युथ मीटिंगों में परमेश्वर अपनी आगे की योजना बताते गए और इन जवानो को पवित्र आत्मा से भरते गए,एसे जून २०१८ से प्रार्थना सभाओ का आयोजन होने लगा ,बड़ी क्रुसेड मीटिंगों के लिए प्रार्थनाए होने लगी ,और प्रथम मीटिंग में ११ जितने जवानो को पवित्र आत्मा का दान मिला,एसे ही लगातार नवेम्बर महिने तक निरंतर प्रार्थना सभाएं होती रही ,और १७-१८ नवेम्बर २०१८ के दिन बेड्कुवा में जवानो के लिए दो-दिनका क्रुसेड मीटिंग का आयोजन हुआ उस मीटिंग में परमेश्वर के अभिषिक्त सेवक मेथ्यु थॉमस ,दिल्ही को बुलाया गया ,इस मीटिंग में परमेश्वर ने बड़ा अद्भुत कार्य किया और प्रभु की महिमा हुई ,दिनांक १८.११.२०१८ की शाम की मीटिंग में प्रभु के सेवकने इस जवानो के ग्रुप को प्रार्थना के लिए बुलाया ,और इस प्रार्थना के दोरान इग्नाईट युथ के लिए प्रभु के सेवक के द्वारा परमेश्वर ने भविष्यवाणी की ,और इग्नाईट युथ के लिए बुलाहट,दर्शन,सेवाकार्य,जीवन चरित्र और सभी बाते प्रगट किये ,इग्नाईट युथ मूवमेंट कोई कलीसिया की स्थापना नहीं करता ,परन्तु स्थानिक कलीसियाओ में जवान अगुए तैयार हो इस लिए जवानो को प्रोत्साहित करता है ,इग्नाईट युथ मूवमेंट कोई संस्था नहीं है ,यह **“जवानो के लिए ,जवानो के द्वारा ,जवानो की एक मूवमेंट है”**

**स्पिरिच्युअल इग्नाईट यूथ का सेवाकार्य**

१.मिशनरी कथन ( Missionary Quotes ) :-

आज तक जो परमेश्वर के सुसमाचार प्रचारक हुए हे ,उनके आत्मिक अनुभव और प्रेरणा के द्वारा कई कथन बोले जो परमेश्वर की विश्वव्यापी कलीसिया के लिए बहुत महत्वपूर्ण साबित हुए, बिली ग्रेहाम जो सुसमाचार प्रचारक थे ,उन्होंने ये कथन कहा की , ***"स्वर्ग प्रार्थनाओ के जवाबो से भरा पड़ा है ,जिसके लिए किसीने भी पूछने की जहमत नहीं उठाई"*** यह कथन हमें प्रार्थना की हमारे मसीही जीवनमें कितनी आवश्कता है उसके बारे में प्रेरणा देता है इस प्रकार के आत्मिक कथन हमें "प्रार्थना के लिए प्रोत्साहित करता है" इस प्रकार के अलग अलग सेवको के कथन प्रति दिन हमारे साथ जुड़े हुए सभी मसीही लोगो को भेजा जाता है

२. जवानो के लिए पत्रिका (Ignite Youth Magazine) :-

इस पीढ़ी के जवानो के लिए कोई आत्मिक पत्रिका उपलब्ध नहीं है , नयी जवान पीढ़ी परमेश्वर की सेवा के लिए जागृत हो जाए

३. ओनलाईन प्रार्थना श्रुंखला (Prayer Chains Online) :-

महिने के दो गुरुवार को २४ घंटे की प्रार्थना श्रुंखलाए चलाई जाती है ,जिसमे भारतके कोई भी विश्वासी भाग ले शकते है,अपने घर पर ही रहकर आप अपना १ घंटे का समय प्रार्थना के लिए दे कर ,परमेश्वर के राज्य के लिए प्रार्थना कर शकते है.

**स्पिरिच्युअल इग्नाईट यूथ के दर्शन :**

देश के उद्धार के लिए
लोगो के छुटकारे के लिए
कलीसिया के खड़े रहने के लिए
जवानो के छुटकारे के लिए

*Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved*

*Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.online*

# ૧૬. મેગેઝિન નાં અંકો અને જરૂરી લિંક

1. ઇગ્નાઇટ યુથ મેગેઝિન અંક -૧ ક્લિક કરો
2. ઇગ્નાઇટ યુથ મેગેઝિન અંક -૨ ક્લિક કરો
3. ઇગ્નાઇટ યુથ મેગેઝિન અંક -૩ ક્લિક કરો
4. ઇગ્નાઇટ યુથ મેગેઝિન અંક -૪ ક્લિક કરો
5. ઇગ્નાઇટ યુથ મેગેઝિન અંક -૫ ક્લિક કરો
6. ઇગ્નાઇટ યુથ મેગેઝિન અંક -૬ ક્લિક કરો
7. ઇગ્નાઇટ યુથ મેગેઝિન અંક -૭ ક્લિક કરો
8. ઇગ્નાઇટ યુથ મેગેઝિન અંક -૮ ક્લિક કરો
9. ઇગ્નાઇટ યુથ મેગેઝિન અંક -૯ ક્લિક કરો
10. ઇગ્નાઇટ યુથ મેગેઝિન અંક -૧૦ ક્લિક કરો
11. ઇગ્નાઇટ યુથ મેગેઝિન અંક -૧૧ ક્લિક કરો
12. ઇગ્નાઇટ યુથ મેગેઝિન અંક -૧૨ ક્લિક કરો

**ઇગ્નાઈટ યુથ ઓનલાઈન લાઈબ્રેરી ક્લિક કરો**

**ખ્રિસ્તી ગીતોની ઓનલાઈન પુસ્તિકા ક્લિક કરો**

*Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved*

*Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.online*

## બાઈબલ ક્વિઝ -૧૧ નાં જવાબો આપનાર વ્યક્તિઓ નાં નામો

૧. ચૌધરી શ્રેયસકુમાર બાબુભાઈ (માંડલ)

૨. ચૌધરી માર્થા (સુરત)

૩. હિરલ કુમારી પ્રવીણભાઈ (મઢી)

૪. કુંદા વધાવે (મહારાષ્ટ્ર)

૫. અનિશ એસ. ગામીત (તાપી)

૬. પાઉલકુમાર ધીરુભાઈ ગામીત (ચોરવાડ)

૭. આશિષ ચૌધરી (કાકડવા-ડોલવણ)

**इग्नाईट यूथ का उद्भव :-**
स्वर्गीय पिता परमेश्वर,
इन जवानोके मनके अंदर
तूने एक ऐसा दीपक जलाया,
ताकि वो तेरे नामकी महिमा के लिए
ऐसी मीटिंगों का आयोजन करे

**इग्नाईट यूथ का अर्थ :-**
🔥Ignite का मतलब है सुलगाना
तूने पवित्र आत्माकी आग, -
इनके अंदर जलाया प्रभुजी
इस लिए धन्यवाद प्रभुजी
इस लिए धन्यवाद प्रभुजी
और हम प्रार्थना करते है ,
ये आग बुझने न पाए
ये आग बुझने न पाए ,
ये आग बुझने न पाए

**इग्नाईट यूथ का दर्शन :-**
देश के उद्धार के लिए ( दर्शन-१ );
लोगोके छुटकारे के लिए(दर्शन-२);
कलिसिया के खड़े रहने के लिए (दर्शन-3);
और जवानोके छुटकारे के लिए (दर्शन-४);

**इग्नाईट यूथ का चरित्र :-**
दुनिया की आराधना करनेवाले नहीँ
पैसे के पीछे भागनेवाले नहीं लेकिन
प्रभुकी प्रजाके समान रहे कर
प्रभु के गवाह ठहरने के लिए

**इग्नाईट यूथ का मसिही जीवन :-**
स्वर्गीय पिताजी एक एक पर तेरा
अभिषेक भेज
जो इनको देखे वो तुजे देखने पाए
जो इनसे बात करे वो तूजे बात करने
पाये
बदल डाल इनके जीवनो
को,सोचको,मनसा को हरेक व्यक्ति तेरे
हाथमे बर्तन होने पाये
एक ऐसा पात्र जो इस युगमें
उपयोगी बन जाए परमेश्वर के लिए
फेरो ने पूछा इस युगमें जिसके अंदर
परमेश्वरकी आत्मा है ऐसा व्यक्ति और
कौन है?

**इग्नाईट यूथ की खूबी :-**
**( पवित्र आत्मा की आग )**
ये तेरी और से ये आग है तो
ये आग बुजने न पाए
दुनिया के पानी ,दुनिया की हवा,
शैतान के पानी,शैतान की हवा,
इस आगको बुजने न पाए ,

*Spiritual Ignite Youth (C) Copyright (01 October 2021) All Rights Reserved*
*Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.online*

## “સ્પિરીચ્યુઅલ ઇગ્નાઈટ યુથ”

**મેગેઝિન નાં રજીસ્ટ્રેશન ની લીંક નીચે આપેલ છે,આ મેગેઝિન ની કોઈ લવાજમ નથી ,તદન મફત છે,ફકત તમારે ફોર્મ ભરવાનું છે. જો આપ આ મેગેઝિન દ્વારા આશીર્વાદિત થયા છો તો તમારી સાક્ષી અને પ્રતિભાવો તમે WHATSUP કરી શકો છો.અને જો પ્રભુ તમને આત્મિક લેખ,સંદેશો,ગીતો (કોઈ પણ ભાષામાં) આપે છે તો તે તમે અમોને ઈમેલ / WHATSUP દ્વારા મોકલી શકો છો.બાઈબલ ક્વિઝનાં ઉત્તરો તમે 8849297460 નંબર પર SMS/WHATSUP કરી શકો છો.તમારી પ્રાર્થના વિનંતીઓ પણ તમે મોકલી શકો છો.અમારા પ્રાર્થના યોદ્ધાઓ દ્વારા પ્રાર્થના કરવામાં આવશે.અમોને પણ આપની પ્રાર્થનાઓ માં ધરી રાખશો.જે તેડુ દેવે અમને આપ્યું છે તે પૂરું કરવા દેવ અમને કૃપા આપે અને તેના પવિત્ર આત્મા દ્વારા અમને ચલાવે.**

**આભાર**

**મેગેઝિન રજીસ્ટ્રેશન માટે અહી ક્લિક કરો**

Instagram/spiritualigniteyouth/
Facebook.com/igniteyouth2018/
Youtube.com/spiritualignite/
W http://www.spiritualigniteyouth.online/
@ spiritualigniteyouth@gmail.com